નિર્વાણ સં. ૧૨૭૭ (વિ. સં. ૮૦૭)માં અને આચાર્યપદ વીરનિર્વાણ સં. ૧૨૮૧ (વિ. સં. ૮૧૧)માં પ્રાપ્ત થયાં હતાં. આચાર્યપદગ્રહણ વખતે તેમની વય ૧૧ વર્ષની હતી. તેમનો સ્વર્ગવાસ વીરનિર્વાણ સં. ૧૩૬૫ (વિ. સં. ૮૯૫)માં બતાવવામાં આવ્યો છે. તે આધારે તેઓ વીરનિર્વાણની તેરમી (વિક્રમની નવમી) શતાબ્દીના પ્રભાવક આચાર્ય હતા.

---

## 'કુવલયમાળા' ગ્રંથના કર્તા, સ્વપરસમય-વિશારદ, દાક્ષિણ્યાંક

# આચાર્યશ્રી ઉદ્યોતનસૂરીશ્વરજી મહારાજ

'કુવલયમાળા'ના કર્તા શ્રી ઉદ્યોતનસૂરિ દાક્ષિણ્યચિહ્ન નામથી પ્રસિદ્ધ છે. તેઓ વિભિન્ન દર્શનોના ધુરંધર વિદ્વાન હતા. સામુદ્રિકશાસ્ત્ર, જ્યોતિષવિદ્યા અને ધાતુવિજ્ઞાન આદિ વિવિધ વિષયોના વિશિષ્ટ જ્ઞાતા હતા. તેમના શરીરના જમણા ભાગમાં સાથિયાનું ચિહ્ન હોવાથી તેઓ દાક્ષિણ્યચિહ્ન કે દાક્ષિણાંક તરીકે પ્રસિદ્ધ થયા હતા. શ્રી ઉદ્યોતનસૂરિ ગુરુપરંપરામાં યુગપ્રધાન હરિગુપ્તસૂરિ નામે આચાર્ય થયા છે. તેમનું બીજું નામ રાજર્ષિ હારિલસૂરિ હતું અને તેમનાથી હારિલ વંશ (ગચ્છ) નીકળ્યો હતો. હરિગુપ્તસૂરિ ઇતિહાસપ્રસિદ્ધ 'તોરમાણ' રાજાના ગુરુ હતા. મહાકવિ દેવગુપ્ત હરિગુપ્તસૂરિના મુખ્ય શિષ્ય હતા. શ્રી દેવગુપ્તસૂરિના શિષ્ય શિવચંદ્રગણિ હતા. શિવચંદ્રગણિના શિષ્ય ક્ષમાશ્રમણ યજ્ઞદત્તગણિ હતા. યજ્ઞદત્તગણિને અનેક શિષ્યો હતા. તેમાં છ મુખ્ય શિષ્યોમાં એકનું નામ વટેશ્વર ક્ષમાશ્રમણ હતું. વટેશ્વરના શિષ્ય તત્ત્વાચાર્ય હતા. તત્ત્વાચાર્યના શિષ્ય ઉદ્યોતનસૂરિ હતા. આ ગુરુપરંપરા 'કુવલયમાળા'ની પ્રશસ્તિમાં મળે છે.

શ્રી ઉદ્યોતનસૂરિએ સૈદ્ધાંતિક ગ્રંથોનો અભ્યાસ આચાર્યશ્રી વીરભદ્રસૂરિ પાસે અને ન્યાયશાસ્ત્રનો અભ્યાસ યાકિની મહત્તરાસૂનુ શ્રી હરિભદ્રસૂરિ પાસે કર્યો હતો. શ્રી ઉદ્યોતનસૂરિ વિશિષ્ટ વ્યાખ્યાનકાર તેમ જ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના પ્રકાંડ પંડિત હતા. 'કુવલયમાળા' તેમણે ચમ્પૂશૈલીમાં રચેલી પ્રાકૃત કથા છે. ગદ્ય-પદ્યમિશ્રિત મહારાષ્ટ્રી પ્રાકૃતની પ્રસાદપૂર્ણ રચના છે. પૈચાશી, અપભ્રંશ અને સંસ્કૃત પ્રયોગોએ પણ આ કથાને સુંદરતા અર્પી છે. વિવિધ અલંકારો, પ્રહેલિકા અને સુભાષિતો તેમ જ માર્મિક પ્રશ્નોત્તરો, વિવિધ પ્રકારની વણિક બોલીઓના માધ્યમથી મધુર રસપાન કરાવતી આ કથા પાઠકોના મનને મુગ્ધ કરે તેવી ભાવવાહી છે. અનેક દેશ્ય શબ્દોનો પ્રયોગ પણ આ કથામાં કરવામાં આવ્યો છે. ક્રોધ, માન, માયા, લોભ આદિનાં દુઃખદ પરિણામ બતાવવા માટે કવિએ સરળ નાની કથાઓના પ્રયોગ ગૂંથીને આ કથામાં મધુબિંદુની જેમ આકર્ષણ ભર્યું છે. બાણ કવિની કાદંબરી જેવો આ અદ્ભુત ગ્રંથ છે. શ્રી ઉદ્યોતનસૂરિએ આ ગ્રંથ જાલોરમાં લખીને પૂર્ણ કર્યો હતો. 'કુવલયમાળા'ના અંતે પ્રાપ્ત થતા ઉલ્લેખો મુજબ આ ગ્રંથની સમાપ્તિ શક સંવત ૭૦૦ પૂર્ણ થવાના એક દિવસ પહેલાં થઈ છે. આ આધારે શ્રી ઉદ્યોતનસૂરિનો સમય વીરનિર્વાણ સં. ૧૩૦૪ (વિ. સં. ૮૩૪) નિર્ણીત થાય છે.

---

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org